# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

********************************************************

- લોકસભાની આજે યોજાયેલી બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 88 બેઠકો માટે 53 થી 76 ટકા મતદાન થયું છે.
- સર્વોચ્ચ અદાલતે EVM અને VVPAT મશીનના ડેટાની 100 ટકા ચકાસણી કરવાની વિનંતી કરતી અરજીઓ ફગાવી દીધી છે. જો કે અદાલતે ઇવીએમના ડેટા અંગે બે મહત્વના નિર્દેશો પણ આપ્યા છે.
- લોકસભાની ત્રીજા અને ચોથા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે.
- ભારતે, SCO સંગઠનના દેશોના વિકાસ અને સમૃદ્ધિ માટે તમામ પ્રકારના આતંકવાદ સામે કડક અભિગમ અપનાવવા ઉપર ભાર મૂક્યો છે.
- ભારતના જ્યોતિ વેન્નામ અને અભિષેક વર્માની ટીમે ચીનના શાંઘાઇમાં ચાલી રહેલી વિશ્વકપ તિરંદાજી સ્પર્ધાની મિક્સ ટીમ ઇવેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION

લોકસભાની આજે યોજાયેલી બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 88 બેઠકો માટે  53 થી 76 ટકા મતદાન થયું છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ સાંજના પાંચ વાગ્યા સુધીમાં મણિપુર અને ત્રિપુરામાં 76 ટકાથી વધુ, છત્તીસગઢ અને બંગાળમાં 72 ટકાથી વધુ,  આસામમાં 71 ટકા, જમ્મુ અને કાશ્મીરમાં 67 ટકાથી વધુ, કેરળ અને કર્ણાટકમાં આશરે 64 ટકા, રાજસ્થાનમાં 60 ટકા, મધ્યપ્રદેશમાં 55 ટકા, જ્યારે બિહારમાં 53 ટકાથી વધુ મતદાન થયું હોવાના અહેવાલ છે.

દરમિયાન લોકસભાની આગામી 20મી મેના રોજ યોજાનારી પાંચમા તબક્કાની ચૂંટણીમાં 49 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડતાં ઉમેદવારીપત્રો ભરવાનો આરંભ થયો છે. આગામી 3જી મે સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે.

પાંચમા તબક્કામાં ઉત્તરપ્રદેશની લોકસભાની 14, મહારાષ્ટ્રની 13,  પશ્ચિમ બંગાળની 7,  ઓડિશા અને બિહારની પાંચ-પાંચ,  ઝારખંડની 3 તેમજ લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરની 1-1  બેઠક મળીને 49 બેઠકો માટે મતદાન થશે.

. . . . . . . . . . .

# SC – VVPAT -1

સર્વોચ્ચ અદાલતે વિજાણુ મતદાન યંત્ર - EVM અને VVPAT મશીનના ડેટાની 100 ટકા ચકાસણી કરવાની વિનંતી કરતી અરજીઓ ફગાવી દીધી છે. જો કે સર્વોચ્ચ અદાલતે ઇવીએમના ડેટા અંગે બે મહત્વના નિર્દેશો પણ આપ્યા છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી બેન્ચે ગત 18મી એપ્રિલે આ કેસનો ચુકાદો અનામત રાખ્યો હતો. એ દિવસે અદાલતે આપેલા નિર્દેશ મુજબ ચૂંટણી પંચ દ્વારા આજે જરૂરી પ્રતિભાવ અપાયા બાદ સર્વોચ્ચ અદાલતે આ કેસનો ચુકાદો આજે આપ્યો છે.

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને આજે આપેલા પહેલા મહત્વના નિર્દેશમાં ઇવીએમમાં ચૂંટણી ચિન્હો લોડ કર્યા બાદ આ યંત્રોને સીલ કરીને તેમને કન્ટેનરમાં સુરક્ષિત રાખવાના રહેશે. ઉમેદવાર અથવા પ્રતિનિધિઓએ આ સીલ ઉપર હસ્તાક્ષર કરવાના રહેશે. ત્યારબાદ આ કન્ટેનરોને ઇવીએમ સાથે સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવા પડશે. કન્ટેનરોના સીલ ઇવીએમની સાથે જ ખોલવાના રહેશે. આ ઉપરાંત ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઈવીએમ અને કન્ટેનરોને ઓછામાં ઓછા 45 દિવસ સુધી સુરક્ષિત રાખવા પડશે.

સર્વોચ્ચ અદાલતે બીજા મહત્વપૂર્ણ નિર્દેશમાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં કુલ ઇવીએમ મશીનો પૈકી પાંચ ટકા ઇવીએમ મશીનના કંટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ અને વીવીપીએટીની ઇવીએમ ઉત્પાદક

એકમના ઇજનેરો દ્વારા ચકાસણી કરવાની રહેશે. જોકે આ માટે પરિણામ જાહેર થયા બાદ બીજા અને ત્રીજા ક્રમે રહેલા ઉમેદવારોએ પરિણામો જાહેર થયા બાદ સાત દિવસની અંદર અરજી કરવાની રહેશે.

અદાલતે વધુમાં જણાવ્યું છે કે આ સમગ્ર કામગીરીનો ખર્ચ જે-તે ઉમેદવારોએ ઉપાડવાનો રહેશે. પણ  જો ઇવીએમ સાથે ચેડા થયેલા જણાય તો આ ખર્ચ અરજી કરનાર ઉમેદવારોને રીફંડ રૂપે પરત આપવો પડશે.

. . . . . . . . . . .

# CAMPAIGNING - 1

લોકસભાની ત્રીજા અને ચોથા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે.

મુખ્ય રાજકીય પક્ષોના અગ્રણીઓ સંબંધિત મતવિસ્તારોમાં ચૂંટણી રેલી અને સભાઓને સંબોધન કરીને પ્રચાર કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના મુંગેર  અને અરારિયામાં જાહેર સભાઓમાં સંબોધન કર્યું હતું. તેમણે એનડીએ સરકારની કામગીરીને સંતોષકારક ગણાવીને પોતાની સરકાર દ્વારા લોકહિતમાં લેવાયેલા નિર્ણયોની વિગતો આપી હતી.

વિપક્ષના મહાસંગઠનના આગેવાનો પણ પોતાના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી રેલીઓ યોજી રહ્યા છે. વિકાસશીલ ઇન્સાન પાર્ટીના વડા

મુકેશ શાહનીએ બિહારના ઝંઝારપુર ખાતે ચૂંટણી રેલીમાં સંબોધન કર્યું હતું. તેમણે ભાજપ સામે સમાજમાં ધ્રુવીકરણ કરવાનો આક્ષેપ કર્યો હતો.

અગાઉ શ્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના માલદામાં જાહેરસભાને સંબોધતાં તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ સામે તુષ્ટિકરણની નીતિ અપનાવવાનો આરોપ કર્યો છે.

બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઘટલ ખાતે જાહેર સભામાં રાજ્યની વિવિધ લોકકલ્યાણલક્ષી યોજનાઓ માટે કેન્દ્રસરકાર ભંડોળ નહીં આપતી હોવાનો આરોપ મુક્યો છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટકના બીજાપુરમાં જાહેર સભા સંબોધતાં તેમના પક્ષની સરકાર ચુંટાય તો યુવાનોને રોજગારની તક આપવાની ખાત્રી આપી છે.

# CAMPAIGNING – 2

મધ્યપ્રદેશમાં ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે અશોકનગર અને રાજગઢમાં જાહેરસભાઓ સંબોધી હતી.

ઉત્તરપ્રદેશમાં ઇટાહ જિલ્લામાં ચૂંટણી સભા સંબોધતાં સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે પોતાના પક્ષની ગરીબલક્ષી નીતિઓની વિગતો આપી હતી.

. . . . . . . . . . .

# HYDERABAD- VICE PREZ

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે  ભારતને ઉભરતી વિશ્વસત્તા ગણાવીને કહ્યું કે ભારતીય સમગ્ર વિશ્વમાં વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.  આજે હૈદરાબાદમાં ભારત બાયોટેકના વૈજ્ઞાનિકોને સંબોધતાં ઉપરાષ્ટ્રપતિએ ઉદ્યોગ જગતના અગ્રણીઓને સાથે મળીને દેશમાં સંશોધન અને વિકાસને નવું બળ આપવા અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું કે દેશની મહત્વની સંસ્થાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના સંસ્થામાં સંશોધન અને માળખાકીય વિકાસ કામગીરીમાં મહત્વની મદદ  કરી શકે છે.

. . . . . . . . . . . .

# INDIA - SCO

ભારતે,  શાંઘાઇ સહકાર સંસ્થા  -  SCO સંગઠનના દેશોના વિકાસ અને સમૃદ્ધિ માટે તમામ પ્રકારના આતંકવાદ સામે કડક અભિગમ અપનાવવા ઉપર ભાર મૂક્યો છે. ભારતના સંરક્ષણ વિભાગના સચિવ ગિરિધર અરમાને આજે તઝગસ્તાનના અસ્તાનામાં ચાલી રહેલી  SCO સંગઠનના દેશોના સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે SCO વિસ્તારમાં શાંતિ, સ્થિરતા અને સલામતી જાળવવાની ભારતની પ્રતિબદ્ધતા  દોહરાવી હતી. તેમણે ભારત દ્વારા હિંદ-પ્રશાંત

વિસ્તારમાં બધાનો સલામતી સાથે વિકાસની સાગર સંકલ્પનાની જાણકારી આપી હતી.

આ બેઠકમાં SCO સંગઠનના દેશોના સંરક્ષણમંત્રીઓએ એક પ્રોટોકોલ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. બેઠક બાદ બહાર પડાયેલા સંયુક્ત નિવેદનમાં તમામ સંરક્ષણમંત્રીઓએ એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય ની સંકલ્પના સાથે વિકાસના આયોજનને સંમતિ આપી છે.

. . . . . . . . . . .

# HYDERABAD- VICE PREZ

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે  ભારતને ઉભરતી વિશ્વસત્તા ગણાવીને કહ્યું કે ભારતીય સમગ્ર વિશ્વમાં વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.  આજે હૈદરાબાદમાં ભારત બાયોટેકના વૈજ્ઞાનિકોને સંબોધતાં ઉપરાષ્ટ્રપતિએ ઉદ્યોગ જગતના અગ્રણીઓને સાથે મળીને દેશમાં સંશોધન અને વિકાસને નવું બળ આપવા અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું કે દેશની મહત્વની સંસ્થાઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના સંસ્થામાં સંશોધન અને માળખાકીય વિકાસ કામગીરીમાં મહત્વની મદદ  કરી શકે છે.

. . . . . . . . . . .

# ARCHERY WORLD CUP

ભારતના જ્યોતિ વેન્નામ અને અભિષેક વર્માની ટીમે ચીનના શાંઘાઇમાં ચાલી રહેલી વિશ્વકપ તિરંદાજી સ્પર્ધાની મિક્સ ટીમ ઇવેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે રમાયેલી સેમીફાઇનલમાં જ્યોતિ અને અભિષેકની ટીમે મેક્સિકોની આન્દ્રીઆ  બેસેરા અને લોટ પોર્ટીસની ટીમને 155 – 151 થી પરાજય આપીને સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

આવતીકાલે રમાનારી સ્પર્ધાની ફાઇનલમાં જ્યોતિ અને અભિષેકની ટીમનો મુકાબલો ઇસ્ટોનિયાની ટીમ સાથે થશે.

. . . . . . . . . . .

## *ASIAN U20 ATHLETICS*

દુબઈમાં રમાઈ રહેલ 21મી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ, 3 સુવર્ણ સહિત સાત ચંદ્રકો જીત્યા છે.

આજે ભારતીય ખેલાડીઓએ પુરુષો અને મહિલાઓની 3 હજાર મીટરની વિઘ્નદોડમાં  સુવર્ણ ચંદ્રક જીત્યો છે. એકતા દેએ મહિલાઓની 3 હજાર મીટર સ્ટિકલફેસ સ્પર્ધામાં  સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તે જ સમયે, રણવીર સિંહે પુરુષોની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ પહેલા અનુરાગ સિંહ કાલેરે પુરુષોની શોટ પુટ ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

ભારતીય ખેલાડીઓએ આજે કુલ સાત ચંદર્કો જીત્યા છે. રેસ વોકર આરતીએ મહિલાઓની 10 મીટર દોડમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. બાદમાં, અમાનત કંબોજે રજત ચંદ્રક જીત્યો હતો. અમન ચૌધરીએ પુરુષોની 400 મીટર દોડમાં  કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

દુબઈમાં બુધવારથી શરૂ થયેલી 20 વર્ષથી ઓછી ઉંમરના ખેલાડીઓની એશિયાઇ એથ્લેટિક્સ સ્પર્ધામાં  કુલ 60 ભારતીય ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

.................

# AIRFORCE AWARD

નવી દિલ્હીમાં રાષ્ટ્રીય વોર મેમોરિયલ સંકુલમાં આજે યોજાયેલા ખાસ સમારંભમાં ભારતીય હવાઇદળમાં નોંધપાત્ર કામગીરી કરનાર 51 જવાનોને રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

હવાઇદળના વડા વી.આર.ચૌધરીએ આજે યોજાયેલા સમારંભમાં 3 યુદ્ધ સેવા ચંદ્રકો, 7 વાયુસેના ચંદ્રકો,  13 વાયુસેના મેડલ, અને 28 વિશિષ્ટ સેવા ચંદ્રકો જવાનોને એનાયત કર્યા હતા.

શ્રી ચૌધરીએ પુરસ્કાર મેળવનાર જવાનોની કામગીરીને બિરદાવી હતી.

. . . . . . . . . . .

**Gujarat ATS**

ગુજરાતના ત્રાસવાદ વિરોધીદળ- એટીએસના અધિકારીઓએ અગાઉ મળેલી બાતમીના આધારે અમદાવાદના નારોલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે શસ્ત્રોની હેરફેર કરવાના આરોપસર એક વ્યક્તિની ધરપકડ કરી છે. મધ્યપ્રદેશના રહેવાસી એવી બે વ્યક્તિઓ પાસેથી 25 પિસ્તોલ અને કારતૂસોનો જથ્થો પકડાયો છે.

એટીએસ દળના અધિકારીઓએ કરેલી પૂછપરછમાં આરોપીઓએ મધ્યપ્રદેશથી ગેરકાયદેસર રીતે શસ્ત્રો લાવીને અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગર જીલ્લાઓમાં પણ અગાઉ શસ્ત્રો પહોંચાડ્યા હોવાની વિગત મળી હતી. એટીએસના જવાનોએ સંબંધિત જીલ્લાઓમાં દરોડાની કાર્યવાહી કરીને 20 પિસ્તોલ અને 70થી વધુ કારતૂસોના જથ્થા સાથે વધુ ચાર આરોપીઓની પણ ધરપકડ કરી છે.

..................................